શ્રાવણને વધાવવા ભાવિકોમાં ભારે ઉત્સાહ

શિવ મંદિરોમાં શ્રાવણ માસની તૈયારીઓ : શહેરીજનોમાં તહેવારોને કારણે ઉત્સાહનો માહોલ ઉપવાસનો મહિનો આવતા ફળો અને શાકભાજી મોંઘા થયા

ગાંધીનગર, તા. ૨૭

વર્ષ દરમિયાન ફક્ત શ્રાવણ માસ જ એવો છે કે જેમાં અનેક તહેવારોની હારમાળા જોવા મળે છે. ૨૯મી જુલાઈથી શ્રાવણ માસના પવિત્ર દિવસોની શરૂઆત થઈ રહી છે. શહેરીજનો શ્રાવણમાં એકટાણા અને અમુક પૂરો શ્રાવણ મહિનો ઉપવાસ કરીને ભગવાન શિવજીની ભક્તિમાં લીન બની જશે. શહેરમાં મંદિરોમાં શ્રાવણ માસની તૈયારીઓ ચાલી રહી છે. મંદિરોમાં ભક્તોની ભીડ જામશે દર સોમવારે ભક્તોનો શિવજીના દર્શન કરવા માટેનો ધસારો જોવા મળશે. આ સાથે જ શ્રાવણ માસમાં અનેક તહેવારો આવી રહ્યા છે. આખો મહિનો શહેરીજનો માટે ભક્તિમય અને પર્વોમય બની રહેશે.

શહેરમાં બજારોમાં પણ પર્વોને લઈ ભારે ઉત્સાહ અને ખરીદીનો માહોલ બન્યો છે. આગામી દિવસોમાં સૌ પ્રથમ રક્ષાબંધનનો પવિત્ર તહેવાર છે ત્યારે માર્કેટમાં રાખડીઓ જ રાખડીઓ જોવા મળી રહી છે. વેપારીઓએ જથ્થાબંધ સામાન મંગાવી દીધો છે. પર્વોના કારણે દરેક ચીજવસ્તુઓના ભાવ વધવા પામ્યા છે. શ્રાવણમાં ઉપવાસનો મહિમા સૌથી વધુ હોવાના કારણે ફળો અને ફરાળી વસ્તુઓના ભાવ વધી ગયા છે. શ્રાવણ માસનો પ્રારંભ થવા જઈ રહ્યો છે ત્યારે ભાવિક ભક્તોમાં ઉત્સાહનો માહોલ છવાયો છે. જેવી રીતે નદીઓમાં ગંગા, દેવતાઓમાં વિષ્ણુ, પર્વતોમાં હિમાલયનો મહિમા છે તેમ બાર માસોમાં પવિત્ર માસ શ્રાવણ માસનું ખાસ મહત્વ છે અને તેમાંય ભગવાન શિવની ઉપાસનાનું ખાસ મહત્વ છે. શ્રાવણ માસમાં ભગવાન શિવના મંદિરો અને શ્રીકૃષ્ણના મંદિરોમાં ભીડ જોવા મળે છે. શ્રાવણમાં એક જુદા જ પ્રકારનું ધાર્મિક વાતાવરણ ઉભુ થાય છે. શ્રાવણ માસમાં શિવપૂજન ઉત્તમ ગણાય છે. પર્વો અને તહેવારો માનવસમાજના સામૂહિક હર્ષોલ્લાસનું પ્રતિક છે. તથા માનસિક શક્તિ વધારે છે. તહેવારો દ્વારા જ મનોયોગ થાય છે. સમાજના તમામ સ્તરોમાં પર્વ અને તહેવારો આદિકાળથી પ્રવર્તમાન છે.

ઓગષ્ટ માસના તહેવારો

તારીખ	તહેવારો
૨૮ જુલાઈ	શ્રાવણ સુદ પડવો, દશામાનું વ્રત
૩ ઓગષ્ટ	કલ્કી જયંતિ
૫ ઓગષ્ટ	દુર્ગાષ્ટમી વ્રત
૮ ઓગષ્ટ	પવિત્ર એકાદશી, મહોરમ
૧૧ ઓગષ્ટ	રક્ષાબંધન
૧૨ ઓગષ્ટ	શ્રાવણી પૂનમ
૧૫ ઓગષ્ટ	બોળ ચોથ, સ્વાતંત્રતા દિન
૧૬ ઓગષ્ટ	નાગપાંચમ
૧૭ ઓગષ્ટ	રાંધણ છઠ
૧૮ ઓગષ્ટ	શીતળાસાતમ
૧૯ ઓગષ્ટ	જન્માષ્ટમી
૨૮ ઓગષ્ટ	મહાવીર સ્વામી જન્મ વાંચન
૩૦ ઓગષ્ટ	કેવડાત્રીજ, વરાહ જયંતિ
૩૧ ઓગષ્ટ	ગણેશ ચતુર્થી

પર્વોના કારણે ફળો-શાકભાજીના ભાવમાં ઉછાળો

નામ	ભાવ (પ્રતિ કિલો)
ભીંડા	૧૦૦
ટીંડોળા	૧૨૦
ગવાર	૧૫૦
કંકોડા	૧૨૦
મેથી	૧૨૦
પરવર	૧૦૦
રવૈયા	૬૦
ચોળી	૧૬૦
કારેલા	૮૦
કોથમીર	૧૨૦
કેળા	૬૦
કેરી	૧૦૦
સફરજન	૨૦૦
નારિયેળ	૬૦
દાડમ	૧૪૦

પુરતા નાણા ચુકવ્યા વિના જમીન પચાવી પાડવાનો કારસો

ગાંધીનગર, તા.૨૭

વડવાસાની ૫૦ વીઘા જમીન ખેડુતને પુરતા નાણા ચુકવ્યા વિના પચાવી પાડવાનો કારસો ઘડનાર બે વ્યકિત સામે ખેડુતે ફરીયાદ નોંધાવી છે. જમીન દલાલે ખેડુતને વિશ્વાસમાં લઈ જમીનના ડોક્યુમેન્ટ અને પૈસા માટેના ચેક પણ પરત કરી દીધા હતા. જયારે ખોટા દસ્તાવેજ અને નોટરી કરી જમીન એનએ કરાવી દિકરા, દિકરી અને પત્નીનુ નામ પણ જમીનમાં દાખલ કરાવ્યુ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ ત્રિ મંદિર ખાતે રહેતા મુળ વડવાસાના બળવંતસિંહ વિઠ્ઠલરાય ગાયકવાડ (ઉં.૬૪) નિવૃત જીવન ગુજારે છે. જયારે તેમને સંતાન નથી અને તેમના પત્ની કામીની દેવી વર્ષ ૨૦૧૮માં મૃત્યુ પામ્યા છે. ત્યારે બળવંતસિંહની વડીલોપાર્જીત જમીન વડવાસા ગામની સીમમાં સર્વે નં.૬૦૧ નવો સર્વે નં.૨૬૩ વાળી આશરે ૫૦ વીઘા જમીન આવેલી હતી. આ જમીન વેચાણથી આપવાની હોવાથી દહેગામના પરિચય ધરાવતા ગોપાલભાઈ શાહને વાત કરી હતી. જેથી તેઓ જગદીશ શેઠને લઈ જમીન ખરીદી માટે આવ્યા હતા. એક વીઘા જમીનના રૂ.૧૨ લાખ નક્કી કર્યા હતા. જેથી ૫૦ વિઘા જમીનના રૂ.૬ કરોડ નક્કી થયા હતા. જેમાં જંત્રી મુજબ રૂ.૧ કરોડનો દસ્તાવેજ કરી આપવાનો અને બાકીની અન્ય રકમના ચેક આપવાના નક્કી થયુ હતું. ત્યારબાદ જેમ જેમ રોકડ રકમ આપવામાં આવે તેમ ચેક પરત કરવાનું નક્કી કર્યું હતું. જેથી ખેડુત બળવંતસિંહે વર્ષ ૨૦૧૪માં જંત્રી મુજબ રૂ.૧ કરોડનો દસ્તાવેજ જગદીશભાઈ મોતીલાલ શેઠને કરી આપ્યો હતો. જેથી દસ્તાવેજમાં જણાવેલા ૧ કરોડના ચેકો પૈકી માત્ર રૂ.૩૫ લાખ ખેડુતને મળ્યા છે. બાકીના રૂ.૬૫ લાખ આજદિન સુધી મળ્યા નથી. આ ઉપરાંત જગદીશ શેઠે ખેડુતને રોકડા રૂ.૭૫ લાખ ૫૧ હજાર રોકડા આપ્યા હતા. જયારે બાકીના રૂ.૪ કરોડ ૫ લાખ ૨૭ હજાર ના કુલ ૭ ચેક જગદીશ શેઠે આપ્યા હતા.જે ચેક અંગે તેઓ રોકડા રૂપીયા આપી ચેક લઈ જશે તેમ નક્કી થયું હતું. જેથી ખેડુતે વિશ્વાસમાં આવી વેચાણ દસ્તાવેજ કરી આપ્યો હતો.પરંતુ જગદીશ શેઠ દ્વારા સમય મર્યાદામાં બાકીના રૂપીયા પુરા કર્યા ન હતા. જેને પગલે ખેડુતે ગોપાલભાઈ શાહ મારફતે જગદીશ શેઠ અવાર નવાર મળતા હોવા છતા બાકીના રૂપીયા આપતા ન હતા અને વાયદા કરતા હતા.જેથી જમીન દલાલ સાહરભાઈ રબારી (ચાંદખેડા) સાથે મુલાકાત થઈ હતી અને તેઓએ પૈસા કઢાવી આપવાનો ભરોસો આપ્યો હતો. સીવીલ કોર્ટમાં કાર્યવાહી કરવા માટે પાવર આપ્યો હતો, આ પાવરના આધારે કોર્ટમાં દાવો દાખલ કર્યો હતો. ત્યારબાદ જમીન દલાલે ખેડુતને કોર્ટમાં દોડાદાડી કરવી ન પડે તે માટે ૧૦૦ રૂપીયાના સ્ટેમ્પ પર સહી કરાવી હતી. જયારે જમીન દલાલે ખેડુતને વિશ્વાસ અપાવી જમીનના તમામ ડોક્યુમેન્ટ અને ચેક લઈ લીધા હતા અને જગદીશ શેઠને આપી દીધા હતા. જેથી જગદીશ શેઠે તેમની હયાતીમાં આ જમીનમાં પોતાના પરિવારના સભ્યો પત્ની , પુત્રી અને પુત્રનુ નામ જમીનમાં દાખલ કરાવી દીધુ હતું.જયારે ખેડુતની ખોટી સહીઓ કરી ખોટા દસ્તાવેજ અને નોટરી બનાવી તેમજ ચોપડામાં ખોટી સહી કરી ખોટુ કબુલાત કમ બાહેધરી ખત તૈયાર કરી તેનો ખરા તરીકે ઉપયોગ કરીને ટાઈટલ કલીયર સર્ટી મેળવી જમીન એન.એ. કરાવી લઈ ખેડુત સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કરતા જગદીશ શેઠ અને સાહર રામભાઈ દેસાઈ સામે પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

વરસાદી વાતાવરણ વચ્ચે શહેરમાં ઠેર ઠેર ભૂવા પડવાની ઘટના બની રહી છે. ઠેર ઠેર થયેલા વિકાસ કાર્યો બાદ માટી પૂરાણનુ કામ યોગ્ય રીતે થયુ ન હોવાથી ભૂવા પડે છે. ખ-રોડ ઉપર મહાત્મા મંદિર પાસે મોટો ભૂવો પડ્યો છે જયારે ઘ-રોડ પર સેક્ટર-૬ના કટ પાસે પણ ફૂટપાથ ઉપર ભૂવો પડ્યો છે.

કોઈ ભૂખ્યુ સુવે નહી તેની દરકાર કરે છે આ સરકાર

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ દેશના ૮૦ કરોડ નાગરિકોને અન્ન વિતરણ

ગાંધીનગર, તા. ૨૭

આપણા દેશમાં એવા ઘણા પરિવારો છે જેઓ એક ટંક પણ પુરતુ ભોજન મેળવી શકતા નથી. આવા અત્યંત ગરીબ અને અંત્યોદય પરિવારોને ગુણવત્તાયુક્ત અનાજ પુરૂ પાડવા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના જાહેર કરવામાં આવી છે. કોઈ વ્યક્તિ ભૂખ્યુ સુવે નહી તેની દરકાર લઈ દેશના ૮૦ કરોડથી વધુ નાગરિકોને વિનામૂલ્યે અનાજ પુરૂ પાડવામાં આવી રહ્યું છે.

આપણાં શાસ્ત્રોમાં કહ્યું છે કે નરમાં નારાયણ વસેલો છે અને આ નારાયણની સેવા સર્વોચ્ચ સેવા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ હંમેશા દરિદ્રનારાયણની સેવાને પોતની નીતિઓમાં કેંદ્ર સ્થાને રાખી છે. કોરોના જેવી વૈશ્વિક મહામારીમાં લાખો ગરીબ લોકોએ રોજગારી ગુમાવી હતી તેવા સમયે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દેશના ગરીબોને વિના મૂલ્યે અનાજ આપવા માટેની "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" જાહેરાત કરી હતી અને દેશના લગભગ ૮૦ કરોડ નાગરિકોને વિના મૂલ્ય સતત ત્રણ વર્ષથી અનાજ પુરૂ પાડવામાં આવી રહ્યું છે.

જરૂરિયાતમંદ લોકોને અન્ન સુરક્ષા પૂરી પાડવાના ઉદ્દેશ્યથી રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદાનો રાજ્યમાં અમલ

1. AAY (અંત્યોદય કુટુંબો) અને
2. Priority House Hold – PHH (અગ્રતા ધરાવતા કુટુંબો)

કેટેગરી	અનાજનો પ્રકાર	મળવાપાત્ર જથ્થો	ભાવ (રૂ. પ્રતિ કિ.ગ્રા)
A.A.Y (પ્રતિ કુટુંબ)	ઘઉં	૨૫ કિ.ગ્રા	રૂ. ૨
	ચોખા	૧૦ કિ.ગ્રા	રૂ. ૩
	કુલ	૩૫ કિ.ગ્રા	-
PHH (પ્રતિ વ્યક્તિ)	ઘઉં	૩.૫ કિ.ગ્રા	રૂ. ૨
	ચોખા	૧.૫ કિ.ગ્રા	રૂ. ૩
	કુલ	૫ કિ.ગ્રા	-

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં રાજ્યમાં ગરીબ અને જરૂરીયાત મંદ લોકોને વિના મૂલ્ય ગુણવત્તા યુક્ત અનાજ પૂરૂ પાડવામાં આવી રહ્યું છે.

રાજ્યના જરૂરિયાતમંદ લોકોને અન્ન સુરક્ષા પૂરી પાડવાના ઉદ્દેશથી રાજ્ય સરકાર દ્વારા એપ્રિલ ૨૦૧૬થી રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદાની અમલવારી કરવામાં આવી છે. ભારત સરકાર દ્વારા કુલ-૩૮૨.૮૪ લાખની વસ્તીને સમાવિષ્ટ કરવાનો લક્ષ્યાંક નક્કી કરાયો હતો જેમાં હાલની સ્થિતિએ ૭૦.૬૨ લાખ કુટુંબોની ૩૪૬.૧૩ લાખ વસ્તીને દ્ર.હ્લ.જી.છ હેઠળ આવરી લેવામાં આવી છે. દ્ર.હ્લ.જી.છ હેઠળ બે પ્રકારના લાભાર્થી કુંટુબોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

N.F.S.Aના કાયદાના લાભથી વંચિત રહી ગયેલા પાત્રતા ધરાવતા લાભાર્થીઓ જેમ કે દિવ્યાંગો, ગંગાસ્વરૂપ બહેનો, ૬૦ વર્ષથી ઉપરના તમામ વૃધ્ધ વ્યક્તિઓ, બાંધાકામ શ્રમિકો, ત્રણ પૈંડાવાળા યાંત્રિક વાહનધારકો (ઓટોરીક્ષા /છકડો/મીની ટેમ્પો જેવા 'અગ્રતા ધરાવતા કુટુંબો'ની ઓળખ કરવા માટેના ધોરણોમાં ફેરફાર કરી વંચિત લાભાર્થીઓને N.F.S.A હેઠળ સમાવેશ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં હાલની સ્થિતિએ ૪૦.૯ લાખ કુટુંબોની જનસંખ્યાનો આ કાયદા અંતર્ગત સમાવેશ કરવામાં આવ્યો છે.

વધુમાં રાજ્યના દક્ષિણ જીલ્લાઓ જેવાકે ભરૂચ, નર્મદા,સુરત, તાપી, નવસારી, વલસાડ તથા ડાંગના લાભાર્થીઓની "ફૂડ હેબીટ"ને ધ્યાને લેઇને રાજ્ય સરકારે N.F.S.A હેઠળના વિતરણમાં ચોખાના જથ્થામાં વધારો કર્યો છે.

અંત્યોદય કુટુંબો અને અગ્રતા ધરાવતા કુટુંબોને ઘઉં, ચોખા, તુવેરદાળ, ખાંડ, મીઠુ અને ખાદ્યતેલનું વિતરણ

રાજ્યમાં લાભાર્થીઓને પ્રોટીનયુક્ત પોષણક્ષમ આહાર મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા તુવેરદાળ વિતરણની યોજના અમલમાં મુકવામાં આવી છે. તેમાં તમામ ૭૦ લાખ દ્ર.હ્લ.જી.છ પરિવારોને દર મહિને પ્રતિ કુટુંબ ૧ કિ.ગ્રા. તુવેરદાળનું રાહત દરથી વિતરણ કરવમાં આવે છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા અંદાજીત વાર્ષિક રૂ. ૨૦૦ કરોડ ખર્ચ કરવામાં આવે છે.

રાજ્યના અંત્યોદય તથા બી.પી.એલ કુટુંબો મળી કુલ ૩૨ લાખ પરિવારોને રાજ્ય સરકાર દ્વારા દર માસે રાહતદરે ખાંડનું વિતરણ કરવામાં આવે છે. જેમાં અંત્યોદય કુટુંબ હેઠળ ૩ સભ્યો ધરવતા કુટુંબને પ્રતિ કાર્ડ ૧ કિ.ગ્રા તથા ૩ થી વધુ સભ્યો ધરવતા કુટુંબને વ્યક્તિ દીઠ ૩૫૦ ગ્રામ ખાંડનું રૂ. ૧૫ પ્રતિ કિ.ગ્રાના ભાવે વિતરણ કરવામાં આવે છે. અને બી.પી.એલ કુટુંબ હેઠળ વ્યક્તિ દીઠ ૩૫૦ ગ્રામ ખાંડનું રૂ. ૨૨ પ્રતિ કિ.ગ્રાના ભાવે વિતરણ કરવામાં આવે છે. તદ ઉપરાંત વર્ષમાં બે વાર જન્માષ્ટમી તથા દિવાળીના તહેવારો દરમ્યાન પ્રતિ કુટુંબ ૧ કિ.ગ્રા વધારાની ખાંડનું વિતરણ કરવામાં આવે છે. અગાઉ ભારત સરકાર તરફથી કરવા આવતી ખાંડની ફાળવણીના આધારે અંદાજીત વાર્ષિક રૂ. ૧૩૪ કરોડ ખર્ચ કરવામાં આવે છે.

અંત્યોદય તથા બી.પી.એલ કુટુંબો મળી કુલ ૩૨ લાખ પરિવારોને રાજ્ય સરકાર દ્વારા દર માસે આયોડાઇઝ્ડ મીઠાનું રાહતદરે વિતરણ કરવામાં આવે છે. જેમાં ૬ સભ્યો ધરવતા કુટુંબને પ્રતિ કાર્ડ ૧ કિ.ગ્રા તથા ૬ થી વધુ સભ્યો ધરવતા કુટુંબને ૨ કિ.ગ્રા મીઠાનું રૂ. ૧ પ્રતિ કિ.ગ્રાના ભાવે વિતરણ કરવામાં આવે છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા અંદાજીત વાર્ષિક રૂ. ૨૪ કરોડ ખર્ચ કરવામાં આવે છે.

તમામ ૭૦ લાખ N.F.S.A પરિવારોને રાજ્ય સરકાર દ્વારા નોંધપાત્ર સબસીડી ભોગવીને રાહતદરે વર્ષમાં આવતા બે તહેવારો, જનમાષ્ટમી અને દીવાળી દરમિયાન પ્રતિ કાર્ડ ૧ લીટર ખાદ્યતેલનું જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વિતરણ કરવામાં આવે છે. જેમાં વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૪ સુધી પામોલીન તેલ/સોયાબીન તેલનું વિતરણ કરવામાં આવતું હતુ. ત્યારબાદ વર્ષ ૨૦૧૪ – ૨૦૧૫ થી વધુ સ્વાસ્થ્યવર્ધક રીફાઇન્ડ કપાસિયા ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૦-૨૧ સુધી યોજનાનો લાભ અંત્યોદય અને બીપીએલ પરિવારોને આપવામાં આવતો હતો. ત્યાર બાદ વર્ષ ૨૦૨૧-૨૨માં યોજનાનો વ્યાપ વધારીને તમામ NFSA કાર્ડધારકોને તથા Non-NFSA BPL કાર્ડધારકો સુધી પહોંચતા હવે કાર્ડદીઠ ૧ લીટર રીફાઇન્ડ કપાસિયા ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવે છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા અંદાજીત વાર્ષિક રૂ. ૧૦૦ કરોડ ખર્ચ કરવામાં આવે છે.